सत्यमेव जयते

| Received on : | ૨૭-૦૨-૨૦૨૬ | | |
|---|---|---|---|
| Registered on : | ૨૭-૦૨-૨૦૨૬ | | |
| Decided on : | ૧૦-૦૩-૨૦૨૬ | | |
| Duration : | Year | Month | Days |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

# દિયોદર ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, દિયોદર, જી. બનાસકાંઠા

આંક.____.

## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૬૦/૨૦૨૬

અરજદાર :- અલ્પેશકુમાર ભુપેન્દ્રભાઇ સોની
રહેવાસી. ૨૧/એ, શ્રીકૃપા સોસાયટી,
મોઢેરા રોડ, મહેસાણા, તા. મહેસાણા,
જી. મહેસાણા

વિરૂધ્ધ

સામાવાળા :- શ્રી. સરકાર
(દિયોદર પોલીસ સ્ટેશન)

બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. આર. સી. મકવાણા
સામાવાળા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ

---

## -: જ જ મે ન્ટ :-

૧. આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૪૯૭ અન્વયે દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકી કબજા ભોગવટા નો SAMSUNG કંપનીનો A33 5G મોબાઇલ ફોન જેનો IMEI નંબર 350995412754126 અને જેમાં વોડાફોન કંપનીનું સીમકાર્ડ મોબાઇલ નંબર 8140000395 વાળો મુદદામાલ મોબાઇલ છે તે મુદદામાલ મોબાઇલ ફોન વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. અરજદારની હાલની મુદદામાલ અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમ જ હાલના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ રજુ કરેલ અભિપ્રાય તથા તેની સાથે રજુ કરેલ મુદદામાલ કબજે કરેલ તે બાબતનું પંચનામું તથા મુદદામાલ પાવતી વંચાણે લીધા. અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. આર. સી. મકવાણા તેમ જ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ ની દલીલો સાંભળી.

૩. અરજદારના વિધ્વાન વકીલ શ્રી. મકવાણા એ હાલની અરજી ની હકીકતો મુજબની દલીલો કરી વધુમાં જણાવેલ છે કે અરજદાર તે હાલના કામે કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોનના માલીક અને કબજેદાર છે અને સદર મુદદામાલ મોબાઇલ ફોન સીમકાર્ડ સાથે આ કામના અરજદાર પાસેથી પોલીસે કબજે કરેલ છે અને હાલમાં સદર મુદદામાલ મોબાઇલ ફોન પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે અને સદર મુદદામાલ ફોન સાચવવા માટે પોલીસ સ્ટેશનમાં કોઇ સગવડ નથી તેમ જણાવી અરજદારે સદર મુદદામાલ મોબાઇલ ફોન કોઇપણ ગુનામાં વાપરેલ નથી કે ગુના બાબતે અરજદાર કાંઇ જાણતા નથી તેમ જણાવી અરજદાર સદર મુદદામાલ મોબાઇલ ફોનનો તેમના ઘરકામ અને ધંધામાં ઉપયોગ કરતા હોવાનું જણાવી સદર મુદદામાલ મોબાઇલ ફોન વગર અરજદારને ખુબ જ હાલાકી ભોગવવી પડતી હોવાનું જણાવી આ કામે પોલીસે કબજે કરેલ સદર મુદદામાલ મોબાઇલ

ઇલેક્ટ્રોનીક સાધન હોઇ જો તેનો લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં બિનઉપયોગી પડી રહે તો સદર મોબાઇલ ફોનની બેટરી ડાઉન થઇ જાય અને તેમાં રહેલ સીમકાર્ડ પણ બંધ થઇ જાય તેમ જ મોબાઇલ ફોનની બોડી ને પણ નુકસાન થાય તેમ હોઇ તેથી સદર મુદદામાલ મોબાઇલ ફોન ઉપયોગ કરવા લાયક રહે નહી અને સદર મોબાઇલ ખરાબ થઇ જવાની શકયતાઓ હોવાની અને સદર મુદદામાલ મોબાઇલ ફોન સારી રીતે સાચવવા માટે પોલીસ સ્ટેશનમાં કોઇ સુવિધા ન હોવાનું જણાવી તે સંજોગોમાં મુદદામાલ મોબાઇલ ને વધુ સમય બંધ હાલતમાં પડી રાખવામાં આવે તો સદરહુ મુદદામાલ મોબાઇલ ને નુકસાન થાય તેમ હોઇ સદર મુદદામાલ મોબાઇલ ફોન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને સોંપવાનો હુકમ કરવા અરજ કરેલ છે અને વધુમાં નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તેનું પાલન કરવા અરજદાર તૈયાર હોવાની રજુઆત કરેલ છે.

૪. સદર કામે તપાસ કરનાર અમલદાર શ્રીનો મુદદામાલ અંગેનો આંક ૪ થી રજુ થયેલ અભિપ્રાય વંચાણે લેતાં અરજદાર/આરોપી ની અંગજડતી કરતા હાલની અરજીમાં જણાવેલ SAMSUNG કંપનીનો A33 5G મોબાઇલ ફોનમાં વોડાફોન કંપનીનું મોબાઇલ નંબર 8140000395 વાળું સીમકાર્ડ લગાવેલ છે જે મોબાઇલ ફોનના (૧) IMEI નંબર 350995412754126/01 અને (૨) IMEI નંબર 351567422754120/01 વાળો મુદદામાલ મોબાઇલ તપાસ અર્થે કબજે કરેલ છે અને સદર મોબાઇલ ફોન ચોરી જેવા ગંભીર ગુનામાં ઉપયોગ કરેલ હોઇ જો કબજે કરેલ સદર મુદદમાલ મોબાઇલ ફોન અરજદારને પરત સોંપવામાં આવે તો તેઓ ફરીવાર આવા પ્રકારના ગુનામાં ઉપયોગ કરે તેવી સંભાવના રહેલ હોઇ જેથી આ કામે કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોન અરજદારને પરત નહી સોંપવા બાબતનો અભિપ્રાય આપેલ છે. સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી.એ અરજદારની હાલની અરજી લગત શેરો કરી સદર કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને પોલીસ અભિપ્રાયને ધ્યાને લઇ ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૫. ઉભયપક્ષની દલીલો સાંભળી. અરજદારની હાલની અરજી તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો તેમજ પોલીસ અભિપ્રાય, પંચનામા અને મુદદામાલ પાવતી વંચાણે લીધી. હાલના કામે

કબજે કરેલ સદર મુદદામાલ મોબાઇલ ની અરજદાર ધ્વારા રજુ કરેલ બીલની નકલને ધ્યાનમાં લેતા સદર મુદદામાલ મોબાઇલ હાલના અરજદારે ખરીદેલ હોવાનું જણાઇ આવે છે તેમ જ આ કામે રજુ થયેલ તપાસ કરનાર અમલદાર શ્રીનો મુદદામાલ અંગેના આંક ૪ ના અભિપ્રાય ને પણ ધ્યાને લેવામાં આવે તો સદર મુદદામાલ મોબાઇલ ફોન આ કામના અરજદારની અંગજડતી દરમિયાન તપાસ અર્થે કબજે કરેલ હોવાની હકીકત તપાસ કરનાર અમલદાર શ્રીએ જણાવેલ છે અને અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી સદર મુદદામાલ મોબાઇલ ફોન હાલના અરજદારની માલીકીનો હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. આમ, આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી પોલીસે કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોન હાલના અરજદારની માલીકીનો હોવાનું સ્પષ્ટ રીતે ફલીત થયેલ છે અને જો સદર મુદદામાલ મોબાઇલ લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી પડી રહે તો તેની બેટરી અને ઇન્ટરનલ પાર્ટ ખરાબ થવાની અને મોબાઇલ ફોન વાપરવાને લાયક ન રહે તેવી પુરતી સંભાવના રહેલ છે.

૬. આ સંદર્ભે અત્રેની કોર્ટ નામદાર સુપ્રીમ કોર્ટના <u>સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. ૩૦૭ ના ચુકાદા ઉપર આધાર રાખે છે. જે કેસના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે કોઇપણ સંજોગો હોય તો પણ મુદદામાલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશને રાખી મુકવાનો કોઇ અર્થ નથી અને આ કલમ અન્વયેની સત્તા બનતી ઝડપથી વાપરીને મિલકતના માલીકને જરૂરી સમયે કોર્ટમાં હાજર રાખવાની શરતે કબજો સોંપી આપવો જોઇએ અને તે સંજોગોમાં મેજીસ્ટ્રેટે યોગ્ય રકમના બોન્ડ તથા જામીનગીરી રજુ કરવાની શરતે તરત જ યોગ્ય હુકમ કરવો જોઇએ. સદર કામે કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોન હાલના અરજદાર ની માલીકીનો હોવાની હકીકત રજુ થયેલ દસ્તાવેજો ઉપરથી પ્રસ્થાપીત થયેલ છે અને સદર મુદદામાલ મોબાઇલ ફોન હાલમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે અને હાલના કામે અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિતએ સદર મુદદામાલ મોબાઇલ ફોન અંગે કલેઇમ કરેલ નથી. આ કામે સદર મુદદામાલ મોબાઇલ ફોન પોલીસે હાલના અરજદાર પાસેથી અંગજડતી દરમિયાન તપાસ અર્થે કબજે કરેલ છે. આમ, આ કામે અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોન હાલના અરજદારની માલીકીનો હોઇ અને સદર મુદદામાલ મેળવવા માટે અરજદાર સિવાય

અન્ય કોઇએ પણ કલેઇમ કરેલ ન હોઇ, તે સંજોગોમાં નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લેતા જો અરજદારને હાલના કામે યોગ્ય શરતોને આધિન કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોન પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ હોવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોઇ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

આથી આ કામના અરજદાર અલ્પેશકુમાર ભુપેન્દ્રભાઇ સોની ને દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૧૧૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી), ૬૧(૨) અને ૫૪ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકી કબજા ભોગવટા નો SAMSUNG કંપનીનો A33 5G મોબાઇલ ફોનમાં વોડાફોન કંપનીનું મોબાઇલ નંબર 8140000395 વાળું સીમકાર્ડ લગાવેલ છે જે મોબાઇલ ફોનના (૧) IMEI નંબર 350995412754126/01 અને (૨) IMEI નંબર 351567422754120/01 વાળો મુદદામાલ મોબાઇલ ફોન તે નીચે જણાવેલ શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> :

(૧) અરજદારે મુદદામાલ મોબાઇલ ફોન અંગે રૂપીયા ૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) ની રકમના જાતમુચરકા તેમ જ તેટલી જ રકમના એક સધ્ધર જામીન સહીતના બોન્ડ દિયોદર પોલીસ સ્ટેશન ખાતે આપવાના રહેશે.

(૨) અરજદારે મુદદામાલ મોબાઇલ ફોન કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે રજુ કરવાનો રહેશે.

(૩) અરજદારે મુદદામાલ મોબાઇલ ફોન કેસનો આખરી નિકાલ થતાં સુધી અન્ય કોઇ વ્યક્તિને વેચાણ કે બક્ષીસ કરવો કરાવવો નહી.

**(૪)** **અરજદારે મુદદામાલ મોબાઇલ ફોનની યથાવત સ્થિતિ કેસનો આખરી નિકાલ થતાં સુધી સ્વખર્ચે જાળવી રાખવાની રહેશે.**

**(૫)** **અરજદારે મુદદામાલ મોબાઇલ ફોનનો કોઇ ગુનાહીત પ્રવૃતીમાં ઉપયોગ કરવો કરાવવો નહી.**

**સદર હુકમની દિયોદર પોલીસ સ્ટેશને યાદી કરવી.**

**આજ રોજ તારીખ. ૧૦ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ. ૧૦/૦૩/૨૦૨૬**

**( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**દિયોદર, જી. બનાસકાંઠા**
**Judge Code : GJ00572**